Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૯ • તા.૨૧થી ૨૭ સપ્ટેમ્બર ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## જ્ઞાતિના ત્રણ મહાન યોગાનુયોગ ગૌરવ પ્રસંગોના સ્મૃતિચિન્હ સમ ફર્સ્ટ ડે કવરને ૨૯ વર્ષ થયા




વર્ષ ૧૯૮૪માં શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ માટે
ત્રણ યોગાનુયોગ પ્રસંગો એક સાથે આવ્યા.
તે વર્ષે જ્ઞાતિએ

- શ્રી અનંતનાથજી જિનાલયની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવી.
- શેઠ શ્રી નરશી નાથાની ૨૦૦મી જન્મ જયંતી ઉજવી.
- શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–મુંબઇનો ૨૦૦મો સ્થાપના દિન ઉજવ્યો.

જ્ઞાતિ આગેવાનોની જહેમતથી તા.૫.૮.૧૯૮૪ના ભારતીય ટપાલ ખાતાએ
આ યોગાનુયોગોની સ્મૃતિરૂપે એક ફર્સ્ટ ડે કવર બહાર પાડ્યું.
આ ફર્સ્ટ ડે કવર પર
પાલિતાણાની શેઠ નરશી નાથા ટુંક, અનંતનાથજી જિનાલયનું રેખાકૃતિ તથા
જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની રંગીન તસવીર છે.

જ્ઞાતિએ ઉજવેલા આ ત્રણ યોગાનુયોગ પ્રસંગોની યાદગીરી 'પ્રકાશ-સમીક્ષા'ને
શ્રી મધુકાંત અરજણ દંડ (મંજલ-મુલુન્ડ)એ મોકલી છે. આભાર...

# શ્રી દામજી ખીમજી મોમાયાના અંતિમ ક્ષમાપના

જન્મ
તા. ૧૮.૦૧.૧૯૩૭
વરાડીયા



અરિહંત શરણ
તા. ૦૭.૦૯.૨૦૧૩
મુલુંડ

અત્યારે સુખમય જીવન વ્યતિત થાય છે. બાકી તો ખર્યું પાન કહેવાય. અર્થાત આ દેહમાંથી ચેતના ક્યારે પણ જઇ શકે છે. અર્થાત અંતિમ લક્ષ્ય પામી શકાય.

જ્યાં જન્મ છે ત્યાં મૃત્યુ પણ અવશ્ય છે. અર્થાત મૃત્યુ એ સનાતન સત્ય છે.

આ જીવનમાં જાણતાં કોઇને દુઃખ નથી પહોંચાડ્યું એટલે મૃત્યુ પછી કોઇને તકલીફ રૂપ ન બનું એવી અંતરની હૃદયપૂર્વક મહેચ્છા છે.

જ્યારે પણ જીવનલીલા સંકેલાય તો હૃદયપૂર્વક સ્વીકારજો. એનો અફસોસ, દિલગીરી વ્યક્ત ન કરતા હાર્દિક વધાવી લેશો. આ શરીરની ચેતનાના વિદાય પછી શોક ન પાળવા વિનંતી છે.

ચક્ષુ તથા ત્વચા દાન કરશો. લૌકિક વ્યવ્હાર સદંતર બંધ રાખવાની વિનંતી કરૂં છું.

જાણતાં કે અજાણતાં મન દુભાયું હોય તો *'મિચ્છામી દુક્કડમ'*.



**સ્વ. વેજબાઇ ખીમજી નરશી મોમાયા**

| | |
|---|---|
| શ્રી ભૂપેશ દામજી મોમાયા | અ. સૌ. સુશીલા અશોક ધરમશી |
| શ્રી મેઘજી ખીમજી મોમાયા | અ. સૌ. તેજલ પિયુષ મોતા |
| શ્રી ઉત્તમ ખીમજી મોમાયા | અ. સૌ. નીના મુકેશ લોડાયા |

**સ્વ. કુંવરબાઇ કુંવરજી લાલજી ઘેલા છેડા (જખો)**


**BHUPESH D. MOMAYA**
INSURANCE & INVESTMENT CONSULTANT
M.: 9869043219 • R.: 25680495• E-mail: bhupesh70@gmail.com


નોંધ : વડિલની દરેક ઇચ્છાને અમે માનસભર પૂર્ણ કરી છે.

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 39/2013

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ક્રોધના ધોધનો રોધ કઇ રીતે શક્ય બને ?

ક્રોધને કાબૂમાં રાખવાના અગિયાર ઉપાયો ખાસ જાણવા જેવા છે, એ જાણી લઇએ, તો ક્રોધના ધોધનો રોધ શક્ય બની શકે.

ક્રોધને દૂર કરવાનું પહેલું પગથિયું તે ક્રોધને ઓળખવાનું છે. જેમ કે ગંભીર હત્યા થઇ હોય, ત્યારે એની ઊંડી તપાસ કરનારા એ હત્યાને 'રિ-કન્સ્ટ્રક્શન' કરે છે, એટલે કે એ હત્યા થઇ એ વખતે હત્યારો કઇ રીતે આવ્યો હશે? એણે કેમ હથિયાર ઉગામ્યું હશે ? કઇ રીતે પ્રહાર કર્યો હશે ? એ બધું ફરીવાર 'ભજવે' છે, એના પરથી હત્યાનો તાગ મેળવવા પ્રયાસ થાય છે. એ જ રીતે ક્રોધને દૂર કરવાનું પહેલું પગથિયું છે મનમાં ભૂતકાળમાં બનેલી ક્રોધ જગાવનારી ઘટનાનું 'રિ-કન્સ્ટ્રક્શન' !

ક્યા સંજોગોમાં એ ક્રોધ જાગ્યો? એ વખતે આપણી માનસિક પરિસ્થિતિ કેવી હતી? આપણે અકળાયેલા હતા કે પ્રસન્ન હતા? એ ક્રોધની શરૂઆત કેવી રીતે થઇ? પછી કઇ રીતે એ ક્રોધ વધતો ગયો અને કઇ રીતે પ્રગટ થયો? આ બધાનો પૂરતો વિચાર કરીએ, તો જ ક્રોધના રૂપને જાણી શકીએ.

ક્રોધને મૂળ સહિત ઉખેડીને ફેંકી દેવામાં ન આવે, તો એ ક્રોધ ફરીવાર ગમે ત્યારે ચિત્તમાં અને જીવનમાં ઊગ્યા વિના રહેવાનો નહીં. ક્રોધ બાહ્ય વસ્તુ, પરિસ્થિતિ કે વ્યક્તિ સાથે સંબંધિત હોય છે. કોઇએ નુકસાન કર્યું હોય, તો એના પ્રત્યે આપણે ક્રોધિત બનીએ છીએ. કોઇએ અપશબ્દો કહ્યા હોય, તો આપણે ગુસ્સે ભરાઇને એને કચકચાવીને જવાબ આપવાનો પ્રયાસ કરીએ છીએ. કોઇએ આપણું ધાર્યું થવા દીધું ન હોય, તો પણ વ્યક્તિ ક્રોધે ભરાતી હોય છે.

પ્રતિકૂળ પરિસ્થિતિ ક્રોધની ઉદ્દીપક છે. સહેજ ન ગમે એવું બને કે તરત જ ગુસ્સો ફાટી નીકળે. આજનો માનવી વધુ ને વધુ અનુકૂળતાઓની શોધ કરે છે. સગવડ એની આસપાસ એટલી બધી વીંટળાઇ વળી છે કે, એ સગવડના અભાવે અકળાઇ ઊઠે છે. ઓફિસમાં ઉનાળામાં સાહેબને ફ્રીજનું ઠંડું પાણી આપવાને બદલે સાદું પાણી અપાઇ જાય, તો પાણીના એક ઘૂંટડા સાથે સાહેબનો સઘળો ક્રોધ બહાર નીકળે છે.

ક્રોધ ધીરે ધીરે બહાર નીકળતો નથી, પરંતુ એ છલાંગ મારીને બહાર નીકળે છે, એટલે ફ્રીજમાનું ઠંડુ પાણી લાવવાનુ ભૂલી જનાર નોકરને એ તદ્દન બેવકૂફ અને સાવ મૂર્ખ પણ કહી દે છે. આમે ય ક્રોધને અતિશયોક્તિ બહુ પ્રિય છે. એનો પ્રારંભ જરા હળવાશથી થાય, પણ પછી તો ક્રોધ અતિશયોક્તિમાં રાચવા લાગે છે. ટાર્ગેટ સિદ્ધ કરવામાં કર્મચારી થોડાક માટે ચૂકી જાય, તો બોસ એના પર ગુસ્સે થઇને કહેશે, 'તમારા જેવા ડોબાઓઆ કંપનીમાં ચાલશે નહીં. આટલોય 'ટાર્ગેટ' સિદ્ધ કરી શકતા નથી તમે ? તમારે કારણે કંપની દેવાળું ફૂંકશે.' પોતાના સંતાનથી કંઇ ભૂલ થઇ જાય, તો પિતા તરીકે આપણે એને કેવા વઢી નાખતા હોઇએ છીએ : 'તારા જેવા બેવકૂફ કરતાં નિઃસંતાન હોવું વધારે સારું.'

કઇ પરિસ્થિતિમાં ક્રોધ આવે છે અને પછી એનો ક્રોધ કઇ રીતે 'હાઇ જમ્પ' કરે છે ! સામાન્ય સંજોગોમાં તો એમ કહેવાય છે કે, ક્રોધ કરતી વખતે વ્યક્તિએ પરિણામનો વિચાર કરવો જોઇએ. ચીનના વિચારક કોન્ફ્યુશિયસે એમ કહ્યું છે કે, જે સમયે ક્રોધ ઉપજે તેમ હોય, તે વખતે તેનાં પરિબળોનો તમે વિચાર કરજો. આ શિખામણ સાચી છે, પરંતુ આચરણમાં મૂકવી મુશ્કેલ છે. કારણ એટલું જ કે, વ્યક્તિ વિવેકભાન ગુમાવે છે, ત્યારે જ ક્રોધ કરે છે. જો સારા-નરસાનો વિવેક કરી શકતો હોય, તો એ ક્રોધ કરે જ નહીં.

એ વાત પણ સમજી લેવી જોઇએ કે, બહાર પ્રગટ થાય છે એટલો જ એ ક્રોધ છે, એવું નથી. એ ક્રોધ જુદા જૂદા રૂપે પ્રવર્તતો હોય છે. એ ક્રોધ આવેશમય ક્રોધ છે, જે ઉંમર, સ્થિતિ કે ધનથી મોટી વ્યક્તિ નાની વ્યક્તિ પર ઠાલવતી હોય છે. પિતા પુત્ર પર કે સાસુ વહુ પર કોઇ પ્રતિકૂળ બાબત બનતાં આવેશમાં આવીને ક્રોધાયમાન બને છે. આમાં ક્રોધને પ્રગટરૂપ જોઇ શકાય છે. એ ક્રોધનાં પરિણામો પણ તમને જાણવા મળે છે

અને સામી વ્યક્તિ પર એ ક્રોધનો કેવો પડઘો પડે છે, તે પણ તમે જોઇ શકો છો.

ક્રોધની એક પ્રતિક્રિયા ગૂંગળામણ છે. સામી વ્યક્તિ પર ક્રોધ કર્યો હોય, તેમ છતાં એને સામે પ્રગટ કરવા કે વળતો જવાબ આપવા એ વ્યક્તિ સમર્થ ન હોય, ત્યારે મનમાં ને મનમાં અકળાય છે અને વેરનો ડંખ રાખીને બદલો લેવાની તક શોધતો હોય છે, એ સામેની વ્યક્તિ પર વેર વાળી શકે કે ન વાળી શકે એ જુદો સવાલ છે, પણ એના મનમાં તો આવી વ્યક્તિ તરફ સતત ગુસ્સાની ગૂંગળામણ પ્રવર્તતી હોય છે.

ક્રોધની ત્રીજી અવસ્થા તે અસહાય અવસ્થા છે. ગુસ્સો જ્યારે આવેશથી વ્યક્ત થઇ શકે તેમ ન હોય, મનની અંદર ગૂંગળાઇને રહેતો ન હોય, ત્યારે વ્યક્તિ રૂદન કરતી હોય છે. આ રૂદન પણ ભીતરના ક્રોધનું જ એક પ્રતીક છે.

ક્રોધ અટકાવવાનો એક ઉપાય છે : વિલંબ અથવા પ્રભુનું નામસ્મરણ ! કોઇ વ્યક્તિ ગુસ્સો કરે એટલે એની સામે તત્કાળ ગુસ્સો પ્રગટ કરવાનું મુલતવી રાખીને આવતીકાલે પ્રગટ કરવાનું રાખો. આત્મહત્યા જેમ પળનો સવાલ છે, એ જ રીતે ક્રોધ પણ એક પળનો મામલો છે. એ પળ ગઇ, તો પરિસ્થિતિ આખી બદલાઇ ગઇ જ સમજો.

આત્મહત્યા કરવા જતાં પૂર્વે થોડીક ક્ષણો કોઇ વ્યક્તિ બીજાની સાથે વાર્તાલાપ કરે, તો એનો આવેશ હળવો થઇ જાય છે. એ જ રીતે કોઇના પર ગુસ્સો ચઢે, કોઇનો બદલો લેવાનું મન થાય, કોઇને સીધાદોર કરી નાખવાની ઇચ્છા થાય, ખખડાવી કે ધમકાવી નાખવાના ભાવ જાગે, ત્યારે એનો તત્કાળ અમલ કરવાને બદલે થોડો સમય એ કાર્ય મોકૂફ રાખો. ક્રોધ પ્રગટ કરવામાં વિલંબ કરશો, તો તરત જ મનમાંથી એક વિચાર એવો પણ આવશે કે, એણે મારી સાથે આવું વર્તન કર્યું, એની પાછળ નક્કી કોઇ કારણ હોવું જોઇએ. બીજો વિચાર એમ પણ આવે કે, માણસ તો સારો છે. પણ સંજોગોના માર્યા એણે મારી સાથે આવું વર્તન કર્યું હશે ! ત્રીજો વિચાર એમ પણ આવે કે, કદાચ હું જ એવી કડવી રીતે બોલ્યો હોઇશ કે, સામી વ્યક્તિથી ગુસ્સો થઇ ગયો, એટલે ભૂલ મારી છે, સામેની વ્યક્તિની નથી. વળી ચોથો વિચાર એવો પણ આવી શકે કે, આમ ક્રોધ કરવાથી શું લાભ છે ? એની સાથે એનાં-મારાં વર્ષોનાં મીઠાં સંબંધો સાવ ખારા બની જશે ?

પાંચમો વિચાર એવો પણ આવે કે, ગમે તેટલો ક્રોધ કરવા છતાં સામી વ્યક્તિ સુધરે એવી નથી, તો પછી ક્રોધ કરવાનો શો અર્થ ? છઠ્ઠો વિચાર એવો પણ આવે કે, આમ ક્રોધ કરીને મારે શા માટે કર્મ બાંધવા ? એ ભલે કોઇ દુ:વૃત્તિને વશ થયો હોય. પરંતુ મારે શા માટે મારી સદ્‌વૃત્તિ છોડવી ? સાતમો વિચાર એમ પણ આવે કે, દરેકને કર્યા કર્મ ભોગવવાનાં હોય છે. એને એવાં કર્મ ઉદયમાં આવ્યાં હશે, જેને પરિણામે એ આવું કરી બેઠો, હવે એના પર ક્રોધ કરીને હું શું મેળવીશ ?

આઠમો વિચાર એમ પણ આવે કે, હું ગુસ્સે થઇશ, તો મારું મન વ્યગ્ર અને ક્ષુબ્ધ થશે, મારી ઉંઘ બગડશે, આવી રીતે ઉંઘ વેચીને ઉજાગરો મેળવવો શા માટે ?

નવમો વિચાર એવો આવે કે, એ ભલે ક્રોધ કરે, મારે તો ક્ષમા જ આપવાની હોય. દસમો વિચાર એ પણ આવે કે, આ તો અંતરંગ કર્મ (મોહનીય)નો ઉદય થયો છે, એ વ્યક્તિ સ્વભાવે નિર્મળ છે, એના મનમાં ક્ષમા પણ હશે, પરંતુ કર્મના ઉદયને આધીન થઇને એ ક્રોધ રૂપે પરિણામીને વ્યક્તિ પાસે ભૂલ કરાવે છે. અગિયારમો વિચાર એ આવે કે, મારા ક્ષમા સ્વરૂપ આત્માને ભૂલીને જો ક્રોધભાવ રાખીશ, તો મારી શી હાલત થશે? આ ક્રોધભાવ મારા મૂળ સ્વરૂપમાં નથી, માત્ર આ કર્મના ઉદયના નિમિત્તથી જ ઉપજે છે, તો એવા ભાડૂતી ભાવને હું મારા આત્મામાં શા માટે સ્થાન આપું ? વળી ક્રોધ કરવાથી જે કર્મ બંધાશે, તે પાછું ઉદયમાં આવતાં ભવિષ્યમાં મારે માટે પણ દુ:ખરૂપ બનશે. આથી ક્રોધનો ભાવ છોડીને મારે તો ક્ષમાભાવમાં કે સમતાભાવમાં જ રહેવાનું છે. આમ, ક્રોધ કરવામાં વિલંબ કરે અથવા તો ક્રોધની પરિસ્થિતિમાં પ્રભુ સ્મરણ કરી લે અને એના પ્રાગટ્યને વિલંબમાં નાંખે, તો એના ગુસ્સામાં ઘણું પરિવર્તન આવી શકે છે.

**(સંકલિત)**


## કન્યા જોઇએ છે

ઉમર વર્ષ ૩૨, નુખ લોડાયા, ઉંચાઇ ૫'-૮", વજન ૮૫ કિલો, પોતાનો વ્યવસાય, નાનું સંપન્ન પરિવાર (પોતાનો ફ્લેટ+કાર) તામિલનાડુના મોટા શહેરમાં રહેનાર નવયુવક માટે ગૃહકાર્યમાં કુશલ કન્યા જોઇએ છે. સાધારણ પરિવારની કન્યાને પ્રાથમિકતા મળશે. મુંબઇ મુકીને દેશાવળના વડિલો સંપર્ક કરે.

**સંપર્ક : 09823221913**

## Divorcee (Innocence)

K.D.O Jain (male), Age 31,
Hight 5'-4" Slim, B.Com,
MNC Job (Investment Professional)
Innocent Divorce (6 months)
looking for educated girl.
No Caste bar - No Dowry
**Mob. : 09324437370**
**Email : vijay.mota83@gmail.com**

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ કોલમવાર ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૫૪૫ | ૫૪૬ | ૫૪૭ | ૫૪૮ | ૫૪૯ | ૫૫૦ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી | પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | લોડાયા | ફુરવા | મોતા | ખોના | છેડા | લોડાયા |
| ૩ | જન્મ તારીખ | ૧૩.૧૧.૮૫ | ૨૭.૨.૮૮ | ૨.૭.૯૦ | ૨૬.૧૨.૭૯ | ૧૮.૧.૮૫ | ૧૫.૭.૮૪ |
| ૪ | વય (વર્ષ) | ૨૭ | ૨૫ | ૨૩ | ૩૩ | ૨૭ | ૨૯ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૬'' | ૫'-૩'' | ૫'-૦'' | ૧૬૬ સે.મી. | ૫'-૯'' | ૬'-૦'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૫૫ | ૫૬ | ૫૫ | ૫૫ | હેવીવેઇટ | ૭૦ |
| ૭ | વર્ણ | ગોરો | ગોરો | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.Sc | H.S.C | B.Com. P.G.C.B | B.Com. Dip.in Comp | B.B.M. | B.Com |
| ૯ | નોકરી/ધંધો | ધંધો (વીડીયો એડીટીંગ) | – | નોકરી | નોકરી | નોકરી | ધંધો |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | વાપી | સાંગલી | મુંબઇ | ડોંબિવલી | કોઇમ્બતુર | હુબલી |
| ૧૧ | પાત્રના શોખ | – | આર્ટ કુકીંગ | – | વાંચન-પ્રવાસ | – | સંગીત-ટ્રાવેલીંગ |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૨૭૦૦૦ | – | – | ૩૫૦૦૦ | ૫૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | છુટાછેડા | છુટાછેડા | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | ના | હા | હા | ના | ના | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | ના | ના | ના | ના | ના | હા |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | – | સુશિક્ષિત | પોસ્ટ ગ્રેજ્યુએટ | ગ્રેજ્યુએટ | ગ્રેજ્યુએટ | ગ્રેજ્યુએટ |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | સુશીલ-સંસ્કારી મિલનસાર | સુશિક્ષિત વેલસેટ નિર્વ્યસની સ્માર્ટ | સંસ્કારી મિલનસાર | મિલનસાર-સંસ્કારી | સુશીલ-સંસ્કારી | સંસ્કારી-ભણેલી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | સશીલ-સંસ્કારી પરિવારપ્રેમી | દેખાવડી મિલનસાર | સંસ્કારી મિલનસાર | સંસ્કારી | મિલનસાર પરિવારપ્રેમી | પરિવારપ્રેમી મિલનસાર |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | - | 9579738131 0233-2622987 | 9324332525 24147398 | 0251-2475553 09320973814 | 9844485657 | - |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ______________ ઉમેદવારનું નામ : ______________

સરનામું : ______________________________

______________________________ ફોન : ______________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ______________ સહી : ______________

## સાંધવ કચ્છની ધન્ય ધરા ઉપર ચતુર્વિધ સંઘના સૌભાગ્ય સાથે ઐતિહાસિક પર્વ હર્ષ અને ઉલ્લાસ સાથે ઉજવાયો...

તપસ્વી **પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.** તથા નલિયાથી ઉગ્ર વિહાર કરી **પૂ.સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.**ની પાવન નિશ્રામાં પર્વમાં ખુબ સુંદર આરાધના થઇ. તા.૩૧.૮.૧૩ના બપોરના સયાજી ટ્રેન દ્વારા બાંદ્રા (મુંબઇ)થી કચ્છ પ્રસ્થાન. બાંદ્રા સ્ટેશન ઉપર સાંધવના અગ્રણીઓ ટ્રસ્ટીગણ તેમજ કાર્યકરભાઇઓ સંઘને વિદાય આપવા હાજર રહ્યા હતા. સ્ટેશન ઉપર ચા-નાસ્તો અને બ્રીસલેરી બોટલનો લાભ **માતુશ્રી દમયંતીબાઇ હંસરાજ દંડ (મુલુન્ડ)** ટ્રેનમાં સાંજે ચોવિહારનો લાભ **માતુશ્રી વીરબાઇ રાઘવજી લોડાયા** હસ્તે ભવાનજીભાઇ (મુલુન્ડ)એ લીધેલ. દાતાશ્રીઓ તરફથી ટ્રેનમાં દરેકને રૂા.૧૫૦નું સઘપૂજન થયેલ.

**સંઘપુજનના લાભાર્થીઓ...**

**દરેકના રૂા.૧૧૦૦/- પ્રમાણે**

માતુશ્રી લક્ષ્મીબાઇ નરશી દંડ હ.શામજીભાઇ દંડ-મુલુન્ડ
શ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) ઘાટકોપર
માતુશ્રી જમકુબાઇ લાલજી પટેલ-મુલુન્ડ
માતુશ્રી મણીબાઇ કુંવરજી મોતા-ડોંબિવલી
માતુશ્રી દમયંતીબાઇ હંસરાજ દંડ-મુલુન્ડ
માતુશ્રી ઝવેરબાઇ પદમશી ખોના-ભાંડુપ
શ્રી શામજી માણેકજી લોડાયા-થાણા
શ્રી પ્રવિણ માણેકજી લોડાયા-થાણા
શ્રી મુલજ માણેકજી લોડાયા-અંધેરી
શ્રી નવિન માણેકજી લોડાયા-થાણા
શ્રી પ્રકાશ માણેકજી લોડાયા-થાણા
શ્રી ઠાકરશી લાલજી પટેલ-મુલુન્ડ
શ્રી માણેકજી મેઘજી લોડાયા (બાબુકાકા)-મુલુન્ડ
શ્રી રસીક દેવરાજ લોડાયા-મુલુન્ડ
શ્રી દિનેશ રામજી લોડાયા-મુલુન્ડ
માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા (ધમતરી-મુલુન્ડ)
શ્રી મેઘજી કુંવરજી ખોના પરિવાર-ડોંબિવલી
માતુશ્રી ખેતબાઇ સોમચંદ લોડાયા-ડોંબિવલી
માતુશ્રી વિમલાબાઇ ખીમજી દંડ-વાપી
શ્રી ભવાનજી નરશી દંડ-મુલુન્ડ
શ્રી રાયચંદ નરશી દંડ-મુલુન્ડ
માતુશ્રી લક્ષ્મીબાઇ મુલજી દંડ પરિવાર-ઘાટકોપર
માતુશ્રી ચંદનબાઇ ચીમનલાલ સોની-વાંકુ
શ્રી કનકરાજ જૈન-સાંચોર

**દરેકના રૂા.૫૦૦/- પ્રમાણે**

શ્રી પ્રફુલ માણેકજી લોડાયા-મુલુન્ડ
શ્રી મણીલાલ માલશી લોડાયા-લોકાપુર
શ્રી દામજી નરશી દંડ-ભાંડુપ
શ્રી ભવાનજી રાઘવજી લોડાયા-મુલન્ડ
શ્રી પદમશી કુંવરજી પટેલ-કલકત્તા
શ્રી સોમચંદ વિશનજી દંડ-કાંજુરમાર્ગ
શ્રી વર્ધમાન પદમશી લોડાયા-વિઠ્ઠલવાડી
શ્રી નવિન દેવણાંધ લોડાયા–મુલુન્ડ
શ્રી કિશોર દેવણાંધ લોડાયા-ડોંબિવલી
શ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા-ભાંડુપ
શ્રી પ્રફુલ્લ મણીલાલ દંડ-ગોરેગામ
માતુશ્રી ઝમકુબાઇ જેઠાભાઇ લોડાયા-ખામગામ
માતુશ્રી દમયંતી ઉમરશી ખોના-મુલુન્ડ
માતુશ્રી લાખબાઇ કાંતીચંદ ખોના-ઘાટકોપર
માતુશ્રી લીલબાઇ માણેકજી દંડ-ડોંબિવલી
શ્રી દિપક મણીલાલ દંડ -ચિંચપોકલી
માતુશ્રી હિરાવંતી તિલકચંદ લોડાયા-બારોઇ
માતુશ્રી ચંપાબાઇ લખમશી ધરમશી-જશાપર
સોનલબેન સુરેશ ખોના-વાંકુ
રેવન્તીબાઇ ચંદ્રકાંત મૈશેરી-માંડવી
માતુશ્રી મણીબાઇ મેઘજી ધુલ્લા-સુથરી
ચંદાબેન નવીનચંદ્ર મૈશેરી-જખૌ
શ્રીમતી વિજયાબેન ભદ્રીચંદ લોડાયા-રવા
શ્રીમતી અરૂણા હંસરાજ ધરમશી-મંજલ
શ્રી દિનેશ કુંવરજી મોતા-નલિયા
શ્રી લક્ષ્મીચંદ જીવરાજ ખોના-હુબલી

મુંબઈથી ૧૭૫ જણાં ગયેલા. **પ્રવાસના વિવિધ લાભ :** ટ્રેનમાં શોપીંગ બેગ-શ્રી સમીર શામજી દંડ-મુલુન્ડ, ભેલપેકેટ-શ્રેયા, તેજસ, પ્રવીણ મોતા-ડોંબિવલી, ચોકલેટ-નેવીલ, સ્મીત, વિપુલ પટેલ-મુલુન્ડ, ચિક્કી-પ્રિશા હીરેન દંડ-મુલુન્ડ, સિંગભુજીયા-પ્રિયાંશી જયેશ લોડાયા-મુલુન્ડ, મગદાળ-પ્રભાબેન નિતીન ધરમશી-સાંધાણ, ખિચી-કનિષ્ક નાગડા અને વત્સલ, મોક્ષીલ પટેલ-મુલુન્ડ એ લાભ લીધેલા. ટ્રેનમાં રાત્રે ભક્તિભાવના થઈ. તા.૧.૯ના સવારના બે બસ અને તુફાન દ્વારા ગાંધીધામથી ભદ્રેશ્વર જઈ ત્યાં નાહી-ધોઈ પુજા-પાઠ કરી નવકારશી કરી. બધા તિર્થના દર્શન કરી બપોરના ૭૨ જિનાલયે સાધર્મિક ભક્તિ, ડોણમાં ચા-પાણી કરી સાંજે સાંધવ પહોંચ્યા.

તા.૨.૯.૧૩ના પર્યુષણ પર્વનો પ્રારંભ થયો. દરરોજ સવારે ૫ વાગે રાઈ પ્રતિક્રમણ, પ્રભુજીની પક્ષાલ-પુજા, ચડાવા લેનાર ભાગ્યશાળીને પહેલો નંબર, ત્યારબાદ નવકાર મંત્રની ધુન અને ભક્તામર પાઠ કરવામાં આવેલ. દાતાશ્રીઓ તરફથી ૧૨૫ આઈટમોના લકી ડ્રો, પુ.મુનિશ્રી તથા સા.મ.સા.ના મુખેથી પ્રવચન, દરેક દાતાશ્રીઓ તરફથી રોજ અલગ પ્રભાવનાઓ તેમજ રૂા.૩૦થી ૪૦નું સંઘપુજન, સાંજે પ્રભુજીની ભવ્ય આંગી રચના, રાત્રે ભક્તિ ભાવના થતી. સાંજના પ્રતિક્રમણ થતું. ભાવનામાં લકી ડ્રો કરવામાં આવતો. કુલ ૨૫૦ જણાં આરાધના કરવા પધારેલ. પ્રથમ દિવસે કલ્યાણક પુજા, બીજા દિવસે શાંતિનાથ પ્રભુનુ અનુષ્ઠાન રાખવામાં આવેલ તેમાં રતનબેન મારૂ અને કસ્તુરીબેન લોડાયાએ સારી રમઝટ જમાવી. સવારના સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવેલ. જેમાં જીવનબેન નાગડા, કસ્તુરીબાઈ લોડાયા, નિર્મલાબેન લોડાયા અને લીલાવંતીબેન લોડાયાએ રમઝટ જમાવી.

તા.૧.૯.૧૩થી તા.૧૧.૯૧૩ સુધી સાધર્મિક ભક્તિનો લાભ તેમજ ચાતુર્માસ કરવાનો લાભ **માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ પરિવાર** હસ્તે **શેઠશ્રી શામજી નરશી દંડ (મુલુન્ડ)** લીધેલ. બાંદ્રાથી ભુજ જતી વખતે ટ્રેનની ટીકીટનો લાભ **શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા** (દાદર, ભુજથી બાંદ્રા આવતા ટ્રેન ટિકીટનો લાભ **શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા લોખંડવાલા પરિવારે** લીધેલ. તેમજ પર્વદરમિયાન ધાર્મિક પરીક્ષાઓ લેવામાં આવતી. તેમાં પણ ઈનામો રાખવામાં આવેલ.

સાંધવવાસીઓ તેમજ નિયાણી બહેનોને ઘર દીઠ **શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા** (દાદર) તરફથી પ્રભાવના કરવામાં આવેલ. પર્વ દરમિયાન પાંચ ભગવાનની અંગરચનાનો લાભ **શ્રી દામજી નરશી દંડ** (ભાંડુપ) અને **કસ્તુરીબેન લાલજી પટેલ** (મુલુન્ડ)એ લીધેલ. ચોથના સાંજે સંઘ તરફથી સમુહસાંજી રાખવામાં આવેલ. ૪૮ તેમજ ૪૫ ઉપવાસવાળાને અનુમોદના નિમિતે સંઘ તરફથી રૂા.૪૧૦૦ ૩૧ ઉપવાસવાળાને રૂા.૩૧૦૦, ૨૧ ઉપવાસવાળાને રૂા.૨૭૦૦, ૧૬ ઉપવાસ રૂા.૨૧૦૦, ૮ ઉપવાસવાળાને રૂા.૧૧૦૦ (૧૭ જણ) અઠ્ઠમ તપવાળાને રૂા.૩૦૦ (૮ જણ) છઠ તપવાળાને રૂા.૨૦૦ (૪ જણ) આયંબિલવાળાને રૂા.૨૦૦, ૪૫ એકાસણાવાળાને રૂા.૨૦૦ (૬ જણ) ૧૬ એકાસણાવાળા રૂા.૨૦૦, ૮ એકાસણાવાળાને રૂા.૧૦૦ (૪૦ જણ) ત્રણ વરસીતપવાળાને સાંધવ સંઘ તરફથી અનુમોદના કરાઈ. વિવિધ દાતાશ્રીઓ તરફતી સારી એવી રકમ જમા થઈ. પુજારીનું પણ બહુમાન કરવામાં આવેલ. સમહ સાંજી વખતે સર્વ શ્રી જયંત છેડા, મીતેશ ખોના, નિમેશ નાગડા, મધુકાંત લોડાયા (ગાંધીધામ), મોતીચંદભાઈ ખોના, કલ્યાણજીભાઈ છેડા, વિરેન્દ્ર લોડાયા, હેમંત મોતા વગેરે પધારેલ.

નુતન **'વાલામાં ભોજનશાળા'** તેમજ **'મણી માણેક'** અતિથિગૃહની સુવિધાઓ માણવાની સંઘને મજા આવેલ. દરેક તપસ્વીઓની મણીબાઈ કુંવરજી મોતાના ઘરે સાંજી રાખવામાં આવેલ. પોથી અને પારણાના જાગરણમાં સારી એવી રમઝટ જામેલ. છઠના શ્રી લાલજી શામજી પટેલના ઘરે તપસ્યાવાળાની સાંજી રાખવામાં આવેલ. પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીજી મ.સા.ને વિનંતી કરેલ અને આજ્ઞા આપેલ એટલે નલિયાથી ચાતુર્માસ બિરાજમાન પૂ.સા. આનંદકિરણાશ્રીજી મ.સા. પધારેલ અને આરાધના કરાવેલ. શ્રી ક.દ.ઓ. જૈન નલિયા મહાજનનો પણ ખૂબ ખૂબ આભાર.

પર્વ ઉજવી તા.૧૧.૯.૧૩ના સાંધવથી નીકળી પંચતીર્થ દર્શન-વંદન કરી ભુજ પધાર્યા. દરેક ઠેકાણે સાંધવ સંઘનું બહુમાન કરવામાં આવેલ. આવતા અને જતાં સૌને પંચતીર્થી કરાવવાનો સંપુર્ણ લાભ **શ્રી ઠાકરશી લાલજી પટેલ** (મુલુન્ડ) અને **શ્રી માણેકજી મેઘજી લોડાયા (બાબુકાકા)** પરિવારે લીધેલ.

વતનમાં બધાને પર્વ ઉજવવાની ખુબ મજા આવી. દેવ-ગુરૂની કૃપાએ સુંદર આરાધના-ઉછામણી થઈ.

**સૌનો હાર્દિક આભાર, અનુમોદના અને મિચ્છામિ દુક્કડમ્....**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ વતી**

**વિરચંદ મેઘજી ખોના (ડોંબિવલી)**

# તપસ્વીઓની નામાવલી-સં.૨૦૬૯

**ધન્ય આપની તપોભાવના, વધારી જિનશાસન પ્રભાવના, કરીએ ભૂરીભૂરી અનુમોદના...**

## મુલુન્ડ

| | | |
|---|---|---|
| રશ્મિબેન ચેતન મૈશેરી | મોટીસિંધોડી | ૪૫ |
| ભૌમિક ચેતન મોતા | વારાપધર | ૧૬ |

## રાયચુર

| | | |
|---|---|---|
| રેખા દિલીપ ગડા | - | ૮ |
| તારાબાઇ વિરચંદ લોડાયા | ડોંડાઇચા | ૫૧ એકાસણા |

## સાંધાણ

| | | |
|---|---|---|
| કમળાબેન ગુલાબચંદ ધરમશી | | ૮ |

## મુલુન્ડ

| | | |
|---|---|---|
| રશ્મિબેન ચેતન મૈશેરી | મોટીસિંધોડી | ૪૫ |

## ગોરખડી

જયંતીલાલ વિરજી ધરમશી (દહિસર) ૯ ઉ. (૮૩મી અઠ્ઠાઇ)

ભાનુમતી જયંતીલાલ ધરમશી (દહિસર) ૯ ઉ. (૨૬મી અઠ્ઠાઇ)

| | | |
|---|---|---|
| નલિની રાજેશ દંડ | મુલુન્ડ | ૮ |
| ગોપીબેન આશિષ ભણશાલી | - | ૮ |

## વડાલા

| | | |
|---|---|---|
| ગીતેશ રંજન સોની | સુથરી | ૧૧ |
| આયુષી જયેશ સોની | સુથરી | ૧૧ |
| હેમલતા અશોક દંડ | વરાડીયા | ૮ |
| મંજુલા શામજી લોડાયા | જખૌ | ૮ |
| યશ્વી રાજેશ લોડાયા | જખૌ | ૮ |
| કૌશાલી જીતેન્દ્ર લાલકા | પરજાઉં | ૮ |
| યશીકા વિશાલ લુઠીયા | રાયધણજર | ૮ |
| ચિરાગ પ્રકાશ લોડાયા | સાંયરા | ૮ |

## ભાંડુપ

| | | |
|---|---|---|
| રાજુલા હિતેશ મૈશેરી | કોઠારા | ૧૬ |
| મીના મણીલાલ ખોના | સાંધવ | ૧૬ |
| પૂજા હિંમતલાલ ખોના | રંગપુર | ૧૬ |
| શૌર્ય સુનિલ મૈશેરી | સાંધાણ | ૧૦ |
| પંકજ ખીમજી ગોસર | બાયઠ | ૯ |
| રતનબેન તિલકચંદ મૈશેરી | સાંધાણ | ૮ |
| ભૂમી હેમંત લોડાયા | સાંયરા | ૮ |
| નેવીલ રાજેશ મોમાયા | સિંધોડી | ૮ |
| સલોની પંકજ ગોસર | બાયઠ | ૮ |
| નેહા ધનેશ લોડાયા | રાપરગઢ | ૮ |
| હર્ષ ધનેશ લોડાયા | રાપરગઢ | ૮ |
| ભાવિકા ધનેશ લોડાયા | રાપરગઢ | ૮ |
| શિવાની ભાવેશ નાગડા | જખૌ | ૮ |
| કિરણ નારાણજી મોમાયા | સુથરી | ૮ |
| કોમલ નિતીન ખોના | સુથરી | ૮ |
| વિજય નવીનચંદ છેડા | વારાપધર | ૮ |
| દેવીકા વિજય છેડા | વારાપધર | ૮ |
| માસુમ નિતીન ધરમશી | લાલા | ૮ |
| રાજુલા વિપુલ લોડાયા | સાંધવ | ૮ |
| નિલેશ દામજી દંડ | સાંધવ | ૮ |
| તિલેશ લક્ષ્મીચંદ દંડ | સાંધવ | ૮ |
| તોરલ તિલેશ દંડ | સાંધવ | ૮ |
| જ્યોતિ પિયુષ મોતા | દશાપુર | ૮ |
| અનુજ ગિરીશ લોડાયા | રવા | ૮ |
| હર્ષા કાનજી દંડ | સાંધવ | ૮ |
| જવેરબેન પદમશી ખોના | સાંધવ | ૨૪ તીર્થંકર તપ |
| મીનાબેન મણીલાલ ખોના | સાંધવ | ૨૪ તીર્થંકર તપ |
| રતનબેન તિલકચંદ મૈશેરી | સાંધાણ | ૨૪ તીર્થંકર તપ |
| ચંદાબેન અશ્વિન મૈશેરી | જખૌ | ૨૪ તીર્થંકર તપ |
| હર્ષા કાનજી દંડ | સાંધવ | ૨૪ તીર્થંકર તપ |

***અઠ્ઠાઇ અને તેથી વધુ ઉપવાસવાળા જ્ઞાતિજનોએ નામ મોકલવા વિનંતી છે.***

## પ્રથમ પુણ્યતીથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ



**જન્મ**
**૧૪.૭.૧૯૪૨**

**અરિહંતશરણ**
**૨૨.૯.૨૦૧૨**

**પુ. માતુશ્રી નાથીબાઇ દામજી મૈશેરી** (નાનીસિંધોડી)

*વીત્યા બાર માસ, તોય તાજી*
*આપની સ્મૃતિ, હસમુખ ચહેરાની યાદ....*

**શોકાતુર**

પુત્ર-પુત્રવધુ : તારાબેન નવીનચંદ દામજી મૈશેરી
જયાબેન ચંદુલાલ દામજી મૈશેરી
પલ્લવી ભરત દામજી મૈશેરી
ભારતી જવેરચંદ દામજી મૈશેરી

દીકરી-જમાઇ : પ્રેમીલા પદમશી કુંવરજી લોડાયા
પુષ્પા મણીલાલ જેઠાભાઇ મોમાયા
મધુરી જીતેન્દ્ર કેશવજી લોડાયા
પ્રવીણા શશીકાંત ઊમરશી જીવાણી
ઈન્દીરા લહેરચંદ વીશનજી છેડા
નયના ગુલાબ વીશનજી છેડા

પૌત્ર : ભાવેશ, જયેશ, જતીન, મનીષ, દેની, સમીર

પૌત્રવધુ : શ્વેતા, જ્યોતી, નિધી

પર પૌત્ર-પૌત્રી : વંશ, પ્રથમ, આયુષ, હીર અને હર્ષીલ

## સમાચાર સંકલન

પ્રકાશ સમીક્ષા — સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુંબઇ મહાજનશ્રી દ્વારા તપસ્વી સમુહ સાંજી અને સમુહ ક્ષમાપના

મુંબઇ જ્ઞાતિ મહાજનશ્રીના ઉપક્રમે રવિવાર ૧૫.૯.૧૩ના સવારે ૯.૩૦ વાગે ઝવેરબેન સભાગૃહ, ઘાટકોપરમાં અઠ્ઠાઇ અને તેથી વિશેષ તપ કરનારાઓની સમુહ સાંજી અને સંવત્સરી ક્ષમાપનાનો કાર્યક્રમ યોજાયેલ. આ અવસરે પૂ.સા. રાજપ્રજ્ઞાશ્રીજી અને ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રા રહી તથા તેમણે માંગલિક સંભળાવી તપ અનુમોદનાનો મહિમા સમજાવ્યો અને આશિર્વચન કહ્યા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ શ્રી જયંત બાઠીયા (IAS) મહારાષ્ટ્ર શાસનના વિત્ત મંત્રાલયના મુખ્ય સચિવ પધારેલ અને શ્રોતાઓને સંબોધન કરતાં જૈન ધર્મમાં તપ અને તેની અનુમોદના વિષે જણાવ્યું.

૪૫, ૩૦, ૧૬ અને ૮ ઉપવાસ તપસ્વીઓનું મહાજનશ્રી દ્વારા પંચવાર્ષિય દાતાશ્રી પરિવારોના હસ્તે તિલક, માળા અને પ્રભાવના આપી બહુમાન કરાયું.

કાર્યક્રમ દરમ્યાન મહાજનશ્રીના વિવિધ કાર્યો માટેના આધારસ્તંભરૂપ પંચવાર્ષિય દાતાઓના વિવિધ શૃંખલામાં જોડાયેલા નવા દાતાઓનું સન્માન કરાયું. કાર્યક્રમ સૂત્ર સંચાલન માનદમંત્રીઓ શ્રી ચેતન મોતા અને રાજુલબેન પટેલે કર્યું. સંજોગવશાત વ્યવહારીક કારણોસર પ્રમુખ શ્રી નયનભાઇ ભેદા આવી શક્યા ન હતા પરંતુ તેમણે ફોન દ્વારા સંબોધન કરી ક્ષમાપના કરી હતી.

મુંબઇ મહાજનશ્રીએ દરેક સંઘોને પોતાને ત્યાં થતી સ્વપ્ન ઘૃતની ઉછામણીની રકમના 10% જેવી રકમ શિક્ષણ, મેડીકલ અને સાધર્મિક ભક્તિ/સામાજિક કાર્યો માટે આપવા અપીલ કરતાં તેના ઉત્સ્ફુર્ત પ્રતિસાદમાં ઘણાંએ તેમ કરવા સકારાત્મક ભાવના દર્શાવી હતી.

ગુરૂવંદન અને સંવત્સરી ક્ષમાપના શ્રી કુમારભાઇ દંડે કરાવી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ. કાર્યક્રમ બાદ સ્વામીવાત્સલ્ય (નાતજમણ) હતું.

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

સમાજના ઉપક્રમે રવિવાર ૨૨.૯.૧૩ના કચ્છી ભવનમાં વાર્ષિક સ્નેહમિલન, સમુહ ક્ષમાપના સ્વામીવાત્સલ્ય અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયેલ. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સંપુર્ણ બોડી ચેકઅપ (કેન્સર) પરીક્ષણ શિબિર રહેલ.

૨૮.૯.૧૩ના સીનીયર સીટીજનો માટે નાગેશ્વર તીર્થયાત્રા યોજાઇ છે. ૧૮.૧૦.૧૩ના શરદ પુનમ ઉજવણી અને દાંડીયારાસ સ્પર્ધા યોજાઇ છે.

સમાજની કારોબારીમાં ખાલી થયેલ બેઠકોપર શ્રી નિરંજન પુનમચંદ મૈશેરી અને શ્રી પદમશી ચત્રભુજ ડાઘા બીનહરીફ ચુંટાયા છે. સમાજના ટ્રસ્ટબોર્ડમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે શ્રી પ્રતાપ નારાણજી દંડ (તેરા) અને શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા (બાંઢિયા) ટ્રસ્ટીપદે છે. શ્રી પ્રતાપભાઇ દંડ સમાજની કારોબારીમાં માનદમંત્રી પદે, શ્રી પદમશી ચત્રભુજ ડાઘા (વરાડીયા) વિમેશ ગુલાબચંદ શાહ (નાની ખાવડી), નવીન જેઠાભાઇ લાલકા (બાંઢિયા), નિરંજન પુનમચંદ મૈશેરી (લાલા) કારોબારી સભ્યપદે છે.

શ્રી હીરેન કુંવરજી શાહ શિક્ષણ અને ડેવલપમેંટ સમિતિના કન્વીનર પદે, શ્રીમતિ સુલુબેન જલદિપ શાહ મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર પદે, શ્રી પ્રતાપ દંડ ભવન સમિતિના કન્વીનર પદે, સુશ્રી ચૌલાબેન ઉમરશી કુરૂવા-પ્રચાર/પ્રસાર સમિતિના કન્વીનર પદે, શ્રી પદમશી ચત્રભુજ ડાઘા- વૈયાવચ્ચ સમિતિના કન્વીનર પદે નીમાયા છે. આ ઉપરાંત ઘણાં કાર્યકરો વિવિધ સમિતિઓમાં સક્રિય સેવા આપે છે. સમાજ દ્વારા કચ્છી યલો પેજીસ પ્રકાશિત થનાર છે.

### જખૌ તીર્થે ભવ્ય પર્વ ઉજવણી-આરાધના

અત્રે પર્વાધિરાજ પર્યુષણ પર્વ હર્ષોલ્લાસથી આરાધનામય ઉજવાયા પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા.આ.ઠા નિશ્રાએ સુંદર ચાતુર્માસ ધર્મ આરાધના થઇ.

આ વર્ષે મહાજનશ્રીના ઉપક્રમે પયુર્ષણ માટે જખૌ સંઘરૂપે લઇ જવામાં મા. મુરબાઇ વીશનજી લોડાયા (બાંઢીયા) બાંયાબાઇ ભવાનજી ઝવેરી (જખૌ), હેમરાજ લાલજી મૈશેરી (જખૌ), મા. વાલબાઇ જેઠાભાઇ લોડાયા, ભુપેન્દ્ર પદમશી લોડાયા (જખૌ), લહેરચંદ હીરજી શીયાલ પરિવારોએ વિવિધ રીતે લાભ લીધેલ. સંઘરૂપે વિવિધ સ્થળેથી ૧૭૮ જણાં પર્વ ઉજવવા પધારેલ તેમજ સ્થાનિક મળીને ૨૦૦થી વધુ સંખ્યા થઇ. વિવિધ પ્રસંગે પ્રભાવના, સંઘપુજન અને લકી ડ્રો થયા. દરરોજ વિવિધ ધાર્મિક અંતાક્ષરી, જ્ઞાનગમ્મત, ધાર્મિક નાટિકા આદિ કાર્યક્રમો રહેલ. દશે દિવસ સંઘના રસોડે સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા હતી.

કલ્પસુત્ર (પોથી) પધરાવવાનો લાભ ૧૯૦૦૧ મણમાં શ્રી કેશવજી ધનજી મોતા પરિવાર તથા પારણું ૯૦૦૧ મણમાં માતુશ્રી વાલબાઇ હંસરાજ દંડ પરિવારે, શાલીભદ્રની પેટી રૂ.૬૫ હજારમાં કાંતાબેન હંસકુમાર પરિવારે લીધેલ. કુલ ઘૃત ઉછામણી ૩,૩૬૦૦૦ મણ થઇ, તીર્થના કાયમી ભોજનશાળા ફંડમાં ૪૧ સ્મૃતિ ફોટોના નકરા નોંધાયા. વિવિધ તપસ્યાઓ થઇ. પર્વમાં ડીવીડી વીડીયોગ્રાફીના દાતા માતુશ્રી દેવકુંવરબેન વીશનજી લોડાયા (જખૌ-પુના) હતા. પોથી-પારણાની શોભાયાત્રામાં અસલ પખાવાજ અને સાફામાં સજ્જ શ્રાવકો દ્વારા ઢોલ-શરણાઇ બેંડ પાર્ટી સાથે ઐતિહાસિક વરઘોડો નીકળેલ. ૪૫૦થી વધુ સંખ્યા સહભાગી થયેલ દરરોજ ભાવનામાં કલાકાર ધારીણી મોતા તથા અંજુબેન નાગડાએ સુંદર ભક્તિભાવના કરાવી. દરરોજ વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પુજા, આંગી અને ભાવનાની રમઝટ થઇ. પંચતિર્થીમાં સૌથી વધુ ઘૃત ઉછામણી થઇ.

પર્વમાં અઢાર અભિષેક અનુષ્ઠાન પણ થયેલ. સંઘરૂપે મોટી ખાવડી ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.આ.ઠા.ને સંવત્સરી વંદનાર્થે બસ દ્વારા ગયેલ. જ્યાં સમુહ ચૈત્યવંદન, દર્શન અને પૂજ્યશ્રીઓને વંદન કરી સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. મોટી ખાવડી સંઘે સુંદર વ્યવસ્થા કરી સંઘનું સ્વાગત કરેલ.

મહાજનશ્રીના ઉપક્રમે ૧૩ થી ૧૫.૧૧.૧૩ના ૧૦૦ જણાં સંઘરૂપે શેત્રુંજય યાત્રા અને પૂ.આ.ભ. ગુણોદય સાગરસુરીશ્વરજી આ.ઠા.ને વંદનાર્થે પાલીતાણા જશે. જે માટે માતુશ્રી મુરબાઇ વીશનજી લોડાયા પરિવાર (બાંઢિયા-મુલુન્ડ)એ લાભ લીધેલ છે.

## સૌ. ક્રિશા સમીત ખોના

સૌ. ક્રિશા સમીત ખોના (જખૌ) વડોદરામાં યોજાયેલ ચોથી ઈન્ડીપેન્ડન્ટ નેશનલ અને સાઉથ ઈસ્ટ એશીયા આપન કરાટે ચેમ્પીયનશીપ-૨૦૧૩ સ્પર્ધામાં કાંસ્યપદક વિજેતા થયા છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

## કોઈમ્બતુર સંઘ

અત્રે જિનાલયની વર્ષગાંઠ નિમિતે થયેલ અઢાર અભિષેક અનુષ્ઠાનની પુર્વ તૈયારીમાં પૂ. મુનિશ્રી દેવરક્ષિતસાગરજી મ.સા.એ સંઘને દૈનિક પ્રભુજીની પક્ષાલ પુજાનો મહિમા સમજાવતા સંઘ માટે પાંચ ચાંદીના કળશ ઘડાવવાની અપીલના પ્રતિસાદમાં નીચેના પરિવારોએ એક એક ચાંદીના કળશનો લાભ લીધેલ.

શ્રીમતિ સરલાબાઇ રતીલાલ લોડાયા, શ્રી શિરિષ દેવજી નાગડા, શ્રી કીર્તિ નરશી મોમાયા, શ્રીમતી ગુણવંતી વીશનજી લુઠીયા અને શ્રીમતી કાશ્મીરાબેન અનિલ નાગડાએ સંઘ માટે ભેટ આપેલ છે.


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**


## ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ખામગામ

પુ.સા. પ્રિતીધર્માશ્રીજી મ.સા. આ.ઠા.નાની નિશ્રામાં ખામગામ નગરે પર્વાધીરાજ પર્વ પર્યુષણની ઉજવણી ઉત્સાહભેર થઇ. અઠ્ઠાઇ તથા અઠ્ઠમ તપની આરાધના થઇ. શ્રી આનંદ નયન નાગડાએ અઠ્ઠાઇ તપ કરેલ. સ્વપ્નનાનું ઘૃત કુલ મણ ૨૧૧૦૦૦ થયેલ. દરરોજ વિવિધ પ્રકારની આંગી શ્રી અરીહંત ગ્રુપના સદસ્યોએ બનાવીને સંઘને દર્શન કરાવેલ. શ્રી અર્લટ ગ્રુપનાં સંગીતમય ભાવના ભણાવીને રંગ જમાવેલ.

## શ્રી અંકુર મિત્ર મંડળ-ડોંબિવલી

ડોંબિવલી (વે)માં ગાવદેવી વિસ્તારમાં દર વર્ષની જેમ અંકુશ મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ પર્વ ઉજવણી કરાવાશે. આદ્યશક્તિ દેવીમાની પુજા-અર્ચના

॥ શ્રી આશાપુરા માતાય નમઃ ॥

**સમુહ પહેડી**

સહર્ષ જય માતાજી સાથે જણાવવાનું કે **મોટી સિંધોડી**ના કુળદેવી માં આશાપુરામાંની સાતમી સમૂહ પહેડી **રવિવાર ૬.૧૦.૨૦૧૩** ને આસો સુદ બીજના સવારે ૯ થી ૩ દરમ્યાન ડોબિવલીમાં રાખવામાં આવી છે. કુંટુબની સર્વ નિયાણી બહેનોને પરિવાર સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સર્વ ભાવિકોએ સમયસર પધારવા નમ્ર વિનંતી છે. **ભુઈમાં ખમાવંતી ગુલાબ મૈશેરી**ના સર્વેને જય માતાજી.

**(નોંધ : પહેડીમાં કાળા વસ્ત્રો પહેરીને આવવાની સખત મનાઇ છે.)**

**પહેડી સ્થળ**

**સેલિબ્રેસન હોલ, ગોપી સિનેમા મોલ, એન.એસ.એસ.રોડ ડોંબિવલી (વે)**

**પહેડીના દાતા**

**ખમાવંતી ગુલાબ ત્રિકમજી મૈશેરી પરિવાર**

ભક્તિભાવના અને દાંડીયારાસ-ગરબામાં સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે.

આ આયોજનમાં સહયોગી દાતા પરિવારો પોતાના નામની વિગતના ફ્લેક્સ બેનર્સ પાંચ દિવસ અગાઉ વહેલો તે પહેલોના ધોરણે સંપર્ક કરી નોંધાવી શકશે. સંપર્ક : પરેશ માલદે-૯૮૨૦૨૯૧૯૪૮ અને કિરીટ લોડાયા-૯૯૨૦૪૭૨૯૭૧.

## વર્ધમાનનગરમાં સમૂહ ક્ષમાપના કાર્યક્રમ

વર્ધમાનનગર (ભુજ)માં શ્રી વર્ધમાનનગર જૈન મિત્ર મંડળ દ્વારા સમુહ ક્ષમાપના કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું મુખ્ય અતિથિવિશેષ પદ ધારાસભ્ય શ્રી તારાચંદભાઇ છેડાએ, મુખ્ય મહેમાનો ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, ભુજ જૈન સાત સંઘ અધ્યક્ષ શ્રી ભદ્રેશભાઇ શાહ, આર.સી.શાહ, પી.સી.શાહ, દિપકભાઇ મહેતા, મહેન્દ્ર મહેતા, ભરતભાઇ બી. શાહ, ભરતભાઇ સંઘવી પધારેલ.

શ્રી તારાચંદભાઇ છેડાએ દિપપ્રાગટ્ય કર્યું હતું. દીનાબેન શાહ, આશાબેન તથા હસ્તીનાબેને સ્વાગતગીત રજુ કર્યું હતુ. શ્રી હેમંતભાઇ વિકમશી તથા દિપકભાઇ લાલને મિત્ર મંડળની પ્રવૃત્તિઓની માહિતી આપતાં મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જૈન અગ્રણી શ્રી પી.સી. શાહે ક્ષમાપનાની સમજ આપી હતી. સૌએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ.

મુખ્ય મહેમાન ડૉ. નીમાબેન આચાર્યે વર્ધમાન નગરને આત્મીય ગણાવી સંઘની એકતાની પ્રશંસા કરી હતી. શ્રી તારાચંદભાઇ છેડાએ સૌને મિચ્છામિ દુક્કડમ્ કહી સંપ-એકતાએ વર્ધમાનનગરનાં વણઉકેલ પ્રશ્નોનો નીવેડો લાવવા કટિબધ્ધ થવા અપીલ કરી.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન શ્રી મુકેશ રવિલાલ શાહે કરેલ. વ્યવસ્થામાં દિપક લાલન, હેમંત વિકમશી, જ્યોતીબેન વિકમશી, આશાબેન શાહ, જયાબેન મુનવર તથા સર્વે કાર્યકરોએ જહેમત લીધેલ.

## જખૌ સંઘનું ભુજમાં સ્વાગત

પર્યુષણ મહાપર્વની આરાધના કરવા મુંબઇ-દેશાવરથી ૨૦૦ ભાવિકો જખૌ પહોંચતા પહેલા ભુજમાં પધારતાં જખૌ સંઘનું તાજકુંવરબા વેલુભા જાડેજા, કારૂભા જાડેજા, દહિવતસિંહ જાડેજા તથા મનુભા એન. જાડેજા પરિવારજનો તરફથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને ત્યાં નવકારશીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય સંઘપતિ મુરબાઇ વિશનજી લોડાયા પરિવાર, સહયોગી સંઘપતિ બાયાબાઇ ઝવેરી પરિવાર ચોવિહાર-જમણનાં દાતાશ્રી હેમરાજ લાલજી મૈશેરી, રીટર્ન જતી વેળાએ આખા દિવસની ભક્તિના દાતા વાલબાઇ જેઠાભાઇ લોડાયા, બસનાં દાતા ભુપેન્દ્ર પદમશી લોડાયા અને લહેરચંદ હંસરાજ શિયાળ પરિવારોનું ભુજમાં કારૂભા વેલુભા જાડેજા પરિવારે સન્માન કરેલ. આ પ્રસંગે બોર્ડર વીંગનાં એસ.કે.પટેલ, કે.આર.ઝાલા, સાવજસિંહ જાડેજા, રવુભા જાડેજા, પૃથ્વીરાજસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જખૌ મહાજનશ્રી દ્વારા શ્રી વેલુભા જાડેજા પરિવારજનોનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે અને આભારવિધિ મહાજન પ્રમુખ શ્રી ભરતભાઇ જીવાણીએ કરેલ.

વ્યવસ્થામાં તિલકચંદ મોમાયા, અમીતાબેન મોમાયા, જયાબેન મુનવર, અભય ધરમશી, ડીમ્પલ ધરમશીએ જહેમત લીધેલ.

## જખૌ સંઘની પાલીતાણા યાત્રા

જખૌ મહાજનના ઉપક્રમે જખૌવાસીયો તથા નિયાણીઓની પાલીતાણા યાત્રાનું આયોજન ૧૩થી ૧૫ નવેમ્બર ૧૩ના કરવામાં આવ્યું છે. યાત્રા માટે ઇચ્છુકો


**શ્રી ભગવાન આદીનાથદાદા ચેરીટેબલ ટ્રસ્ટ (રજિસ્ટર્ડ)**
**(Regd. No. B/C Iv of 3/2013-14)**
સેદાપુર (કર્ણાટક) -૫૮૫૨૨૧ તા. યાદગીર

**નવી ગૌશાળા માટે અપીલ**

પરમેશ્વરની કૃપાથી ગૌમાતાની સેવાનો શુભારંભ કરી રહયા છીએ. જીવદયાના આ શુભ કાર્યમાં સહભાગી થવા જ્ઞાતિજનો અને ભાગ્યશાળીઓ આ ગૌશાળાના સભ્ય બનીને આર્થિક સહયોગ અને અબોલ જીવોની સેવા માટે સુચન, માર્ગદર્શન અને સહાયતા આપે. જ્ઞાતિના સર્વ મહાજનો, સંસ્થાઓ, મહિલા મંચો, યુવા મંચો અને જ્ઞાતિની સર્વ પેઢીઓને વિનંતી છે. આપનો, અમુલ્ય ફાળો આ ગૌશાળાને જરૂરથી આપીને આ સંસ્થાને પગભર કરવા માટે સહાયરુપ બનશો એવી જાહેર નમ્ર અપીલ છે. સંસ્થાને ફાળો આપવા માટે બેંક A/C NO નીચે પ્રમાણે છે.
SBHY-0020249IFC. A/C NO. 62297055437

**સંપર્ક**
**દીલીપ લક્ષ્મીચંદ મોમાયા (ગોરબારોઇ-સૈદાપુર)**
**M : 09538787499**
**વીરચંદ એન. લોડાયા (રાપરગઢવારી- મુલુન્ડ)**
**M : 09594600900**
**ભરત એન. મૈશેરી (નાનીસિંધોડી)**
**M : 09920407373**



**અસલ કલા-કસબનો સમન્વય**
**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

રૂા.૫૦૦ આપી વહેલો તે પહેલોના ધોરણે રેલ ટીકીટોની ઉલબ્ધતા મુજબ નામ નોંધાવી શકશે. આ યાત્રાના દાતા માતુશ્રી મુરબાઇ વીશનજી લોડાયા પરિવાર છે.

## સાંધવમાં શાનદાર પર્યુષણ ઉજવણી

સાંધવનગરે ચતુર્વિધ સંઘના સૌભાગ્ય સાથે પૂ.મુનિરાજશ્રી તપસ્વીરત્ન કંચનસાગરજી મ.સા. તેમજ નલિયાથી પધારેલ પૂ.સા. આણંદકીરણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પર્વપર્યુષણ ઉલ્લાસપુર્વક ઉજવાયો. કલ્પસુત્ર ઘરે પધરાવવાનો લાભ ૧૦૦૧ મણમાં માતુશ્રી ખેતબાઇ મેઘજી ખોના પરિવાર હસ્તે ઝવેરચંદ ખોના, કલ્પસૂત્ર પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ શ્રીમતી અરૂણાબેન હંસરાજ ધરમશી (અમેરિકા)એ લાભ લીધેલ. મોક્ષની બારી ખોલવાનો લાભ શ્રીમતી જયાબેન લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ)એ લીધેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૨૫૧૦૦૦ મણ થયેલ. પારણું પધરાવવાનો લાભ શા. લાલજી શામજી પટેલ હસ્તે ગોવિંદજી પટેલ (મુલુન્ડ) લીધેલ. સંઘ તરફથી સમુહ સાંજી રાખવામાં આવેલ. ૪૮-૧, ૪૫-૧, ૩૧-૧, ૧૬-૧, અને અઠ્ઠાઇવાળા-૧૭, અઠ્ઠમ, છઠ અને એકાસણા તેમજ આયંબીલની તપસ્યા થઇ. પાંચમના કુલ ૧૩૫ જણાં ઉપવાસ કર્યા. એક દિવસના ઉપવાસવાળાને રૂા.૧૦૦ની પ્રભાવના. સંઘવીની ભાગચંદ દામજી ધરમશી તરફથી કરવામાં આવેલ.

